| | | |
|---|---|---|
| वर्ष : १७ | सने : २०२१ | सं.२०७७ |
| अंक : ९, | સળંગ અંક-૧૦૫ | फागुन -मार्च |

Published on Date 22 every month

# ધર્મદૂત (માસિક)

વર્ષ : ૧૭ સને ૨૦૨૧ સં.૨૦૭૭
અંક : ૯ ફાગણ માર્ચ સળંગ અંક-૧૦૫



**: લેખક - પ્રેરક :**

જ્ઞાનનિધિ, ચારિત્રરત્ન, પૂજ્યપાદ
**પંન્યાસશ્રી પદ્મવિજયજી ગણિવરના**
પ્રથમ શિષ્યરત્ન પૂજ્યપાદ
ધર્મતીર્થપ્રભાવક, ગચ્છસ્થવિર,
અખંડબાલબ્રહ્મચારી, સિદ્ધાંતસંરક્ષક,
આચાર્યદેવ શ્રીમદ્
**વિજયમિત્રાનંદસૂરીશ્વરજી મહારાજા**

**: માનદ સંપાદક :**
**અને**
**: પત્ર વ્યવહાર :**

**જ્યોતીન્દ્રભાઈ જે. શાહ**
૩-બી, કંચનતારા એપાર્ટમેન્ટ,
જૈનનગર, સુવિધા શોપિંગ સેન્ટર પાછળ,
પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
(M) 9824252978



**: લવાજમ :**

**વાર્ષિક રૂ. 151-00**
**આજીવન રૂ. 1000-00**
**પેટ્રન રૂ. 2000-00**


**આ અંકમાં.....**


★ શ્રાવકજીવનની ...૨
★ જગતપિતા જગડૂશા-૨
★ વાંચનનું તારણ
★ પુનર્જન્મ
★ અનુમોદનાનો અમૃતથાળ


## આર્ષવાણી

**स एव पूज्यो भवति,**
**गुरुश्च जनकोऽपि च।**
**शिष्यं सुतं च यः क्वापि,**
**नैवोन्मार्गे प्रवर्तयेत् ।।**

તે જ ગુરુ-પિતા-શિષ્ય કે પુત્ર પૂજ્ય છે કે જે ક્યારેય ઉન્માર્ગમાં જતા નથી, ગયા નથી.

પુત્ર-માતા-મિત્ર-પત્ની આદિ માટે જે કોઈ પાપ-કર્મ કરે તો તે પાપનું ફળ તો પુત્રાદિને નહીં, કર્મ કરનારને જ નરકાદિમાં ભોગવવું પડે છે.



## ★ શ્રાવકજીવનની સફળતા સાત પગલાંમાં...૨ ★★★

-શ્રી ધર્મમિત્ર

ગતાંકમાં સાત પગલાંમાંના એક પગલાની વાત પૂરી કરીને બીજા પગલાની શરૂઆત કરી હતી. પ્રથમ પગલું 'ત્રિજગત્પતિની પૂજા' છે, તો બીજું પગલું 'શ્રીસંઘપૂજા' છે.

જિનાજ્ઞાના પાલક સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકાને જૈનશાસનમાં શ્રી સંઘ ગણાવ્યો છે. માત્ર જૈનકુળમાં જન્મ લેવાથી કે સાધુનો વેષ પહેરી લેવાથી સંઘમાં નંબર લાગી જતો નથી. તે માટે ગુણો અને ક્રિયા જરૂરી - આવશ્યક છે. શાસ્ત્રકાર લખે છેઃ 'જે રીતે અનાજનાં ફોતરાં ખાંડવા નિરર્થક છે, માનવ વસતી રહિત જંગલમાં રડવું નિરર્થક છે; તે જ રીતે આજ્ઞા વગરનું અનુષ્ઠાન વિફલ-નિષ્ફલ છે.' આગળ વધીને એમ પણ જણાવ્યું છેઃ 'ભગવાનની આજ્ઞાનું ખંડન કરનારો(આજ્ઞાની વિરાધના કરનારો)મહા આડંબરથી પ્રભુની પૂજા ત્રણે ટંક કરે, તો પણ તે નિરર્થક (મતલબ વગરની) છે.'માટે જ તો કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજા વીતરાગ સ્તોત્રમાં જણાવે છે કે- 'વીતરાગ દેવાધિદેવ ભગવાનની દ્રવ્ય પૂજા કરતાં ભગવાનની આજ્ઞાનું પાલન શ્રેષ્ઠ છે. કારણ, આજ્ઞાની કરેલી આરાધના મુક્તિ માટે થાય છે ને ભગવાનની આજ્ઞાની વિરાધના ભવ-સંસારમાં ભટકાવનારી થાય છે.'

જિનશાસનમાં તપ હોય કે સંયમ, દાન હોય કે જ્ઞાન...બધું જ જિનેશ્વરદેવની આજ્ઞા મુજબ થવું જોઈએ. જો આજ્ઞાસાપેક્ષ ન થાય તો ઘાસના પુળા જેટલી પણ તેની કિંમત નથી. જિનાજ્ઞા પ્રમાણે નાની-મોટી કોઈ પણ ક્રિયા કરવામાં આવે તો તે નિર્વાણ-મોક્ષનું કારણ બને છે, પરંતુ પોતાની સ્વચ્છંદ મતિ-બુદ્ધિથી ગમે તેટલું ચારિત્ર કે તપાદિ અનુષ્ઠાન કરવામાં આવે તો તે સંસારવૃદ્ધિ માટે થાય છે.

જે વ્યક્તિ જિનઆજ્ઞારહિત કોઈ પણ વ્યવહાર(ક્રિયા) કરે તો તેની આ લોકમાં અપકીર્તિ થાય છે. પરલોકમાં નિશ્ચિત દુર્ગતિમાં ગમન થાય છે.હા, શાસ્ત્રસાપેક્ષ-સૂત્ર-વિધિયુક્ત જયણાપૂર્વક અને અધ્યાત્મની વિશુદ્ધિપૂર્વક ક્રિયા કરતો જીવ -આત્મા ક્યારેક વિરાધના કરી બેસે(થઈ જાય) તોય તેને નિર્જરા થાય છે.કારણ, એમાં એના વિરાધનાના ભાવ નથી.

જિનાજ્ઞા તો અંધકારમાં પ્રકાશ છે. જિનાજ્ઞા આત્માને જીવાડનારું અમૃત છે. જિનાજ્ઞા ભવસાગર તરવાનું જહાજ છે.જિનાજ્ઞા મોક્ષનો માર્ગ છે, આત્મકલ્યાણની કેડી છે. જિનાજ્ઞા જ વ્રત-મહાવ્રત છે. જિનાજ્ઞા જ ધર્મ છે. જિનાજ્ઞા જ દોષમુક્તિ અને ગુણપ્રાપ્તિનો સાચો ઉપાય છે. જ્યાં જિનાજ્ઞા નથી ત્યાં સમ્યગ્જ્ઞાન-સમ્યગ્દર્શન કે સમ્યક્ચારિત્ર નથી. સમ્યક્તપ પણ નથી.

જિનવચન કહો કે જિનાજ્ઞા કહોઃ બંને એક જ છે. શ્રીઆનંદઘનજી મ.પણ જણાવે છે કે -ધાર તલવારની સોહિલી,દોહિલી ચૌદમા જિનતણી ચરણસેવા..ચરણસેવાનો અહીં અર્થ છે : ભગવાનની આજ્ઞાનું પાલન, તે દુષ્કર છે. તલવારની ધાર પર ચાલવું એટલું દુષ્કર નથી. વચન નિરપેક્ષ વ્યવહાર જૂઠો કહ્યો.વચન સાપેક્ષ વ્યવહાર સાચો; વચન નિરપેક્ષ વ્યવહાર સંસારફળ, સાંભળી-આદરી કાંઈ રાચો.જિનવચનથી સાપેક્ષ વ્યવહાર-ક્રિયા-આચાર-ચારિત્ર એ મોક્ષ માટે થાય છે. જિનવચન નિરપેક્ષ (જિનાજ્ઞા વિરુદ્ધ)તમામ વ્યવહાર સંસારને વધારનારો બને છે.

શ્રીસંઘ કેવો છે? એનું વર્ણન કરતાં શાસ્ત્રકાર જણાવે છે : સંઘ ગુણરત્ન-રોહણગિરિ છે. સજ્જનો-સાધુઓથી શોભતો છે. શ્રીસંઘ પ્રબળ પ્રતાપવાળો સૂર્ય છે,મહામંગલ છે. શ્રીસંઘ ગુરુઓનો પણ ગુરુ છે. શ્રીજિનેશ્વરભગવંતોથી પણ ‘નમો તિત્થસ્સ’ કહીને નમસ્કાર કરાતો હોવાથી પૂજનીય છે. ઈચ્છિત વસ્તુનું દાન કરવામાં કલ્પવૃક્ષ અથવા તેની ડાળી જવો છે. આવો સંઘ હંમેશા ચિરંજીવ બનો.

જેમ રત્નોમાં ચિંતામણિરત્ન શ્રેષ્ઠ-સારભૂત ગણાય છે.વૃક્ષોમાં કલ્પવૃક્ષ ઉત્તમ ગણાય છે. દેવોમાં વીતરાગપ્રભુ શ્રેષ્ઠ ગણાય છે; તેમ સુપાત્રોમાં સુસાધુઓનો સંઘ શ્રેષ્ઠ ગણાય છે.

સામાન્ય પ્રજાજનોથી રાજા શ્રેષ્ઠ ગણાય છે. રાજાઓથી ચક્રવર્તી ઉત્તમ કહેવાય છે. ચક્રવર્તીથી ઈન્દ્રનું સ્થાન ઊંચું ગણાય છે. આ બધાથી ઊંચું પદ ત્રણ વિશ્વના નાયક શ્રીજિનેશ્વરભગવંતનું કહેવાય છે. આવા જ્ઞાનના મહાસમુદ્ર ગણાતા શ્રીજિનેશ્વરદેવ પણ રોજ શ્રીસંઘને નમસ્કાર કરે છે. આવા શ્રીસંઘની ઉન્નતિ કરનાર વજસ્વામી જેવા મહાપુરુષો પૃથ્વી પર વખાણવા લાયક છે.

પ્રત્યેક શ્રાવકના દિલમાં એ ભાવ હોવો જોઈએ કે - મારા ઘર આંગણને પોતાની પવિત્ર ચરણરજથી શ્રીસંઘ ક્યારે પાવન કરશે ? પરમપવિત્ર શ્રી સંઘ જ્ઞાનાદિ ગુણોના સમૂહરૂપ રત્નો પ્રદાન કરનાર રત્નાકર (સમુદ્ર) છે.આવા શ્રીસંઘ



રૂપી સમુદ્રમાં મારા ધનનું એક બિંદુ ક્યારે પડે ? કારણ, સામાન્યથી ભૂમિમાં પડેલું બિંદુ નાશ પામે છે. જ્યારે સમુદ્રમાં પડેલું પાણીનું બિંદુ અક્ષય બની જાય છે. શ્રીસંઘરૂપી સમુદ્રમાં વપરાયેલું ધનરૂપી બિંદુ અક્ષય બની જાય છે.

જે અરિહંત ભગવંતોને પણ માન્ય છે. પુણ્યવંત પુરુષોને પણ પૂજ્ય છે. દેવેન્દ્ર-અસુરેન્દ્ર- માનવેન્દ્રોને પણ સેવ્ય છે અને પંડિત(જ્ઞાની) પુરુષો માટે પણ પૂજ્યતમ છે. તે સંઘ આપણા માટે પણ પૂજ્ય જ હોય , તેમાં નવાઈ નથી.

શ્રી સંઘની સ્તવના કરતાં શાસ્ત્રકાર કહે છે : વિશિષ્ટ મૂલ્યવાન પંચ પરમેષ્ઠીરૂપી રત્નો જેમાં હંમેશા ઉત્પન્ન થતાં રહે છે, તે સંઘરત્નાકર કાયમ જય પામો.

આવા શ્રીસંઘની પૂજા કરવાની વાત કરતાં જણાવે છે કે - શ્રીસંઘ સદ્ગુણોનો સમૂહ છે.(ગુણોના કારણે સંઘ મહાન છે, વ્યક્તિના કારણે નહીં.)શ્રી જિનેશ્વરભગવંતો પણ એ ગુણોનાં કારણે શ્રીસંઘને વંદન કરે છે. શાસનની વૃદ્ધિ કરવામાંય સંઘ કારણભૂત છે. સંઘ જીવોને મુક્તિ આપનારો છે. જો તમારી પાસે, તમારી ભુજાથી મેળવેલું (નીતિથી કમાયેલું, તમારી માલિકીનું)ધન હોય તો શ્રીસંઘની શક્તિ મુજબ પૂજા કરવી જોઈએ.આવી પૂજા કરનાર ભાગ્યશાળીએ કઈ પૂજા બાકી રાખી ? કોઈ જ નહીં. આનો અર્થ એ થયો કે - શ્રીસંઘની પૂજા કરનાર ભાગ્યશાળીને અરિહંતાદિ બધાં જ પદોની - પૂજનીય વ્યક્તિઓની-ગુણોની પૂજા કરવાનો લાભ મળી જાય છે. તેના જ યોગે તેને મેળવવા યોગ્ય તમામ ફળો પણ પ્રાપ્ત થઈ જાય છે.માટે જ સવાલ કર્યો કે આવી પૂજા કરનારે કયું મેળવવા યોગ્ય ફળ નથી મેળવ્યું ?

જેના ઘર-આંગણે ગુણના નિધાનરૂપ સંઘ ભગવાન પધારે છે તેને ત્યાં કલ્પવૃક્ષ ઊગે છે. તેના હાથમાં ચિંતામણિરત્ન પ્રાપ્ત થાય છે. સર્વ ઈચ્છિતોને આપનારી કામધેનુ અવતાર લે છે.ત્રણ લોકના અધિપતિપણાને(તીર્થંકરત્વને)પ્રાપ્ત કરાવનારી લક્ષ્મી(ઐશ્વર્ય) તેના મુખનું વિલોકન કરે છે. આનો મતલબ એ થયો કે -સંઘને નિષ્પ્રયોજન પચ્ચીસમા તીર્થંકરની ઉપમા નથી આપવામાં આવી. તેની પાછળ ઘણા હેતુઓ રહેલા છે.તે ઉપમા તદ્દન યોગ્ય જ છે.

જેણે શ્રીસંઘની ઉન્નતિ કરી છે તેણે શ્રીજિનેશ્વરભગવંતની પૂજા કરી છે, તેણે સદ્ગુરુની ઉપાસના કરી છે,તેણે જિનાગમનાં તત્ત્વો પણ પ્રાપ્ત કર્યાં છે. તે

વ્યક્તિ આખરમાં -અંતે સ્વર્ગ-નિર્વાણનો સાક્ષાત્કાર કરનાર થાય છે. તેથી સદ્‌ગુરુભગવંતોની જેમ શ્રીસંઘમાં રહેલ શ્રાવક-શ્રાવિકાઓનું આનંદ-ઉમંગ સાથે ગૌરવ વધારવું જોઈએ.

શ્રીસંઘમાં આજે દેખાતાં, નજરમાં આવતાં શ્રાવક-શ્રાવિકાઓને તમારે માત્ર માનવરૂપે નથી જોવાના. તે ભલે આજે સુખી-દુઃખી, ગુણી -અવગુણી સ્વરૂપે જોવા મળતાં હોય, તેમનાં વાણી-વર્તન ન ગમે તેવાં પણ હોય, સ્વભાવ ગમે તેવો જણાતો હોય..પરંતુ તેમાં, ભવિષ્યમાં પંચ પરમેષ્ઠીમાં નંબર લગાવનારા જીવો છે, એમ વિચારવું. તેમની આશાતના ભૂલથી પણ ન થઈ જાય તેનું ખૂબ ધ્યાન રાખવું. તેવા પ્રકારનાં કર્મોના યોગે હાલની થયેલી અવસ્થાને જ માત્ર મગજમાં ન લેવી. હાલ માટી સાથે, કચરા સાથે ખાણમાંથી નીકળેલા સોના જેવા તેમને ગણવા. આવતી કાલે એટલે ભવિષ્યમાં એ માટી-કચરો નીકળી ગયા પછી, મતલબ તેવા પ્રકારનાં કર્મોની સાફ-સૂફી થયા પછી તે જીવો ચોવીશ કેરેટના કુંદન(સોના)જેવા થઈ જવાના એ અવસ્થાને વિચારવી. એમ કરવાથી તે જીવો પર દ્વેષભાવ નહીં આવે, તે જીવોની આશાતના પણ નહીં થાય અને આપણો આત્મા પણ તેવાં પ્રકારનાં કર્મો-પાપોથી-દોષોથી બચી જશે. શ્રીસંઘ ઉપર આપણા મનમાં બહુમાનનો ભાવ વૃદ્ધિ પામશે. એ બહુમાન આપણને ગુણોનું સર્જન કરવામાં ખૂબ ઉપયોગી પુરવાર થશે. રાગ-દ્વેષના સ્થાને ગુણો આવીને ગોઠવાશે. ગુણોના યોગે ગુણસ્થાનકમાં આગળ - આગળ વધાશે.

આ રીતે ઘણી વિચારણાઓ થઈ શકે. સાત પગલાંમાંના બીજા પગલાની વાત અહીં પૂરી કરી. હવે ત્રીજા પગલાની વાત વિચારીશું. **(ક્રમશઃ)** ધ

## ★ જગતપિતા જગડૂશા-૨ ★★★

**-પૂ.આ.ભ.શ્રીમદ્ વિજયભવ્યદર્શનસૂરીશ્વરજી મહારાજા**

લક્ષ્મી ક્યારેય માંગી મળતી નથી. ભાગ્યોદય જાગી જાય તો વગર માગે ઘરે આવીને પગમાં પડતી હોય છે. લક્ષ્મી ચહેરો જોઈને નહીં, પુણ્ય(ભાગ્ય) જોઈને આવે છે. ભાગ્યોદયને ચમકાવનારાં ઘણાં ધર્મકાર્યો છે. એમાં પણ આયતનની સેવા, સત્સંગ, ભૌતિક અપેક્ષા વગર કરેલાં દાનાદિ ધર્મોની સાત્ત્વિકી આરાધના , તીર્થયાત્રા, જીવદયાનું પાલન, ગુરુભગવંતોની ભક્તિ, પંચપરમેષ્ઠીની ઉપાસના વગેરે ભાગ્યોદયને જગાડનારાં સાધનો છે.



આવી જ ધર્મકરણીથી બાંધેલાં પુણ્યાનુબંધીપુણ્યનો ઉદય થતાં જગડૂશાને અનાયાસે જ (ઝાઝો પુરુષાર્થ કર્યા વગર)લક્ષ્મી મળે છે.

જગડૂશાને પરમોપકારી ગુરુભગવંતોનો ભેટો થતાં, દર્શન કરતાં અત્યંત હર્ષ થતો, આનંદ આવતો. રાજીરાજી થઈ જતો. તેમના ચરિત્રમાં જણાવ્યું છે કે જેમ મેઘ-ગર્જનાથી મોરને, સૂર્યને જોતાં ચક્રવાક પક્ષીને, ચન્દ્રનાં દર્શન થતાં ચકોર પક્ષીને આનંદ થાય, તેમ જગડૂશાને ગુરુભગવંતોનાં દર્શનથી અપાર હર્ષ પેદા થતો.

એકવાર જગડૂશા ગુરુભગવંતની નિશ્રામાં પ્રતિક્રમણ કરવા ગયા હતા. પ્રતિક્રમણ કર્યા બાદ ઉપાશ્રયમાં જ નવકાર ગણતા હતા. અંધકારના કારણે મુનિભગવંતોને આ વાતની ખબર ન હતી. રાત્રિનો પ્રથમ પ્રહર વીત્યા બાદ મુનિઓએ આકાશમાં નજર કરી. તેમાં 'ચન્દ્ર રોહિણી શકટને ભેદી રહ્યો છે' આવું દૃશ્ય નિહાળ્યું ! મુનિભગવંતોએ ગુરુદેવને વાત કરી, ગુરુદેવે આકાશમાં જોઈ ખાતરી કરી. ત્યારબાદ શિષ્યોને એનું રહસ્ય કહેતાં પહેલાં પૂછ્યુંઃ અહીં કોઈ ગૃહસ્થ વગેરે નથીને ? જગડૂશાને અંધકારના યોગે ન જાણતાં મુનિઓએ જવાબ આપ્યોઃ ભગવંત! અહીં કોઈ નથી.

ગુરુભગવંતે આકાશમાં રહેલા યોગનું રહસ્ય ખોલતાં જણાવ્યું કે - વિ.સં.૧૩૧૫ની સાલમાં ભયંકર'દુકાળ' પડશે, તેનાં આ એંધાણ છે. સમગ્ર જગતને, દેશને, દેશની જનતાને, સાથે ચતુર્વિધ શ્રીસંઘને સ્પર્શતી આ ઘટના હોવાથી શિષ્યોએ ગુરુદેવને પૂછ્યું : ભગવંત! તે સમયે આ દુઃખથી ઘેરાયેલી જનતાનો ઉદ્ધાર કરનાર કોઈ થશે ? કઈ સ્થિતિ સર્જાશે ?

વળતો જવાબ આપતાં ગુરુદેવે કહ્યું : સૂરિમંત્રના અધિષ્ઠાયક દેવે મને પહેલેથી જ જણાવ્યું હતું કે- આ ભદ્રેશ્વર ગામનો રહીશ જગડૂશા તે સમયે દાનશાળાઓ ખોલશે, યાચકોને પેટ ભરીને જમાડશે, દાન આપશે. દુકાળના યોગે સિદાતા-રિબાતા-મૂંઝાતા ઘણા રાજાઓને તે હજારો મૂંડા અનાજ પૂરું પાડશે. જરૂરિયાતને ધ્યાનમાં રાખી રોકડ નાણાંદિનું પણ દાન કરશે. જગતમાં દુષ્કાલથી પીડાતા લાખો લોકોનાં દુઃખોને તે દૂર કરશે. ભૂખમરાથી મરતા બચાવશે.

ગુરુદેવ પાસેથી આટલું રહસ્ય જાણ્યા પછી વિનીત શિષ્યોએ પુનઃ પ્રશ્ન કર્યોઃ ગુરુદેવ! તે જગડૂશા તો સામાન્ય સ્થિતિવાળો છે. તેની પાસે એટલું ધન વગેરે ક્યાં છે ? જગતના લાખો લોકોને જીવાડવા માટે તો કેટલી સંપત્તિની જરૂર પડે ? એમાં વળી દુષ્કાળ! આવું કાર્ય શેં કરી શકશે ?

નવું રહસ્ય પ્રગટ કરતાં ગુરુદેવે જણાવ્યું કે-એના ઘરના વાડામાં સફેદ આકડો છે. તેની નીચે ચરુ છે.એમાં ત્રણ કરોડ રૂપિયા છે! વગેરે વિગત જણાવી.ગુરુદેવના શ્રીમુખે બોલાતી વાણી જગડૂશા સાંભળી ગયો.જગડૂશાએ વિચાર્યું : મારો ભાગ્યનો સિતારો હજી ચમકવાનો છે. મારા ભાગ્યમાં ધન પણ છે ને સાધર્મિક ભક્તિ - અનુકંપા વગેરે સુકૃતો પણ છે. ધન મેળવવા કરતાં વધારે ઊઠેલી સુકૃતની તકને ઝડપી લેવા તે વધુ લાલાયિત બન્યો. શાસન પ્રભાવનાની આવી અણમોલ તક જતી કરવા કયો વિવેકી શ્રાવક તૈયાર થાય? અર્થાત્ આવી ઉત્તમ તકને સફળ બનાવવાના મનોરથ સાથે મૌનપણે ઉપાશ્રયથી નીકળી સવારે ઘરે પહોંચ્યો.

ગુરુદેવે આપેલા સંકેત પ્રમાણે, શુભભાવના પૂર્વક તપાસ કરતાં તે જ પ્રકારનો ચરુ મળી આવ્યો ! આ ધનથી એક તરફ ગામેગામ તેણે અનાજનો સંગ્રહ કરાવવાનો નિર્ણય લીધો.બીજી તરફ મલબાર વગેરે સ્થળોએ લાકડાંની વખારો ભરાવવાનું વિચાર્યું. નિર્ણયનો અમલ કરાવવા 'શુભસ્ય શીઘ્રમ્' ના ન્યાયે તરત જ કાર્ય શરૂ કરી દીધું. સારા વિશ્વાસુ માણસો દ્વારા કાર્યનેય વેગ મળતો ગયો. અનાજના સંગ્રહની સાથે લાકડાંનો વ્યાપાર કરાવ્યો.

પુણ્યશાળી જ્યાં હાથ નાંખે ત્યાં સંપત્તિ સાંપડે..એટલું જ નહીં, તેમના માણસો સંતાનોનેય તમામ પાસાં સીધાં પડે. જગડૂશાના જીવનમાં પણ આવો જ એક અજબ પ્રસંગ બનેલો.શ્રીઉપદેશસારાદિમાં તેની વિગત આ પ્રમાણે મળે છે.'ભાગ્યશાળીને ભૂત રળે' એ કહેવત અહીં ચરિતાર્થ થતી જણાય છે.ભાગ્યહીન વ્યક્તિને નજર સામે રહેલી રત્નાદિ વસ્તુ દેખાતી નથી, જ્યારે ભાગ્યવંતને દૂર રહેલી વસ્તુય અનાયાસ મળી જાય છે.

સંસ્કૃત સુભાષિતમાં જણાવ્યું છેઃ **पदे पदे निधानानि, योजने रसकुंपिका । भाग्यहीना न पश्यन्ति, बहुरत्ना वसुन्धरा ।।** અર્થાત્ પૃથ્વી - જમીનમાં ડગલે ને પગલે નિધાન રહેલાં છે.એક-એક યોજનનાં અંતરે લોખંડને સુવર્ણમાં રૂપાંતર કરનારી રસકુંપિકાઓ રહેલી છે..પરંતુ ભાગ્યહીન વ્યક્તિને તે દેખાતી-મળતી નથી.મતલબ એ થયો કે સંપત્તિ માત્ર પુરુષાર્થથી નથી મળતી,તેને માટે સૌ પ્રથમ પુણ્ય જરૂરી છે.પુણ્યની સામે પુરુષાર્થ ગૌણ છે. ક્યારેક એવું પણ નજરે આવે છે કે વગર પુરુષાર્થે, અકલ્પ્ય ચીજો - સંપત્તિની પ્રાપ્તિ થઈ જાય છે. એ પુણ્યનો પ્રતાપ - પ્રભાવ હોય છે. !



એકવાર જગડૂશાના માણસો મલબારમાં અનાજની વખારો ભરવાના કાર્યમાં લાગેલા હતા. ત્યાં નજીકમાં બીજી પણ ઘણી વખારો, અન્ય વ્યાપારીઓની હતી. જગડૂશાની વખાર અને બીજા વ્યાપારીની વચ્ચે એક પત્થરની શિલા હતી.બંને વખારવાળા સવારે-સવારે દાંતણ કરવા માટે અલગ-અલગ સમયે આવતા.એકવાર યોગાનુયોગ એવું બન્યું કે બંને વખારવાળા એક સાથે દાંતણ કરવા આવ્યા.શિલા એક જ વ્યક્તિ બેસી શકે તેવી નાની હતી.બંને જણા સાથે બેસીને દાંતણ કરી શકે તેવી જગ્યા ન હોવાથી બંને વચ્ચે રકઝક થઈ.બંને જણા જીદ લઈને બેઠા કે-હું પહેલાં દાંતણ કરું, પછી તું કરજે.

બંને હઠીલા અને અહંકારી હોવાથી કોઈ ઝૂકવા તૈયાર ન થયું. ઝઘડો રાજદરબારે ગયો. ત્યાંનો ચુકાદો માન્ય ન થતાં છેવટે એવું નિશ્ચિત થયું કે જે વખારનો માલિક રાજાને ૬૦૦ થી વધારે સ્પર્ધકો આપે તે જ વ્યક્તિ આ શિલાનો માલિક ગણાશે અને તે જ અહીં દાંતણ કરી શકશે. ૬૦૦ સ્પધર્કોથી બોલી શરૂ થઈ.અંતે જગડૂશાના માણસોએ(પોતે જ માલિક હોય તે રીતે) બોલીને આગળ વધારી.રાજાને ૨૪૦૦ સ્પર્ધકો આપવાની કબૂલાત કરી. સામેની વખારવાળો આગળ ન વધી શકતાં તે હારી ગયો. જગડૂશાને સમાચાર મળતાં માણસોને શાબાશી આપી.નોકરોએ શેઠની આબરુ વધારી.જગડૂશાએ તે શિલા પોતાને ઘરે મંગાવી. હવે શેઠ જગડૂશા પોતે રોજ એ જ શિલા પર દાંતણ કરવા બેસતા.

એક દિવસ બપોરના સમયે, શેઠ જગડૂશાના જમવાના સમયે એક યોગીરાજ ગૃહાંગણે આવીને ઊભા રહ્યા.શેઠે પોતાની પત્નીને કહ્યું : 'હું જે રસોઈ વાપરું છું તેવી અને તેટલી એટલે કે એક પુરુષને જોઈએ તેટલી ભોજનની સામગ્રી યોગીરાજને આપજે.'પત્નીએ તે જ પ્રમાણે ભોજન સામગ્રી આપી.યોગીરાજે ન સ્વીકારી. શેઠે પત્નીને જણાવ્યું કે 'રૂપાની થાળી, રૂપાની વાટકી સહિત ભોજન આપ.'એ રીતે દેતાં સંતુષ્ટ થયેલા યોગીરાજે કહ્યું : હે મહાદાનેશ્વરી! હું તારી ભિક્ષા લેવા માટે નથી આવ્યો, તારી પરીક્ષા માટે આવ્યો છું. એક વાર મને વિચાર આવ્યો કે- દુનિયામાં જગતનો ઉદ્ધાર કરી શકે તેવો દાનેશ્વરી કોણ છે? આ વાતની ખાત્રી કરવા હું છ મહિનાથી ભિન્ન - ભિન્ન નગરોમાં ફરતો હતો. થાકીને ભદ્રેશ્વર નગરમાં આવ્યો. અહીં આજે ગુણવંત જગદ્દુદ્ધારક-દાનેશ્વરીના રૂપમાં મેં તને જોયો..!

જગડૂશાએ નમ્રપણે યોગીરાજને પ્રશ્ન કર્યો : હે મહાયોગીરાજ! સમગ્ર જગતનો ઉદ્ધાર કરી શકું તેવું - તેટલું ધન મારી પાસે ક્યાં છે ? હાલ તો મારી

સ્થિતિ સાવ સામાન્ય છે. જગતના ઉદ્ધાર માટે તો કેટલું ધન જોઈએ ? એ કાર્ય મારા માટે દુષ્કર છે. મારા ગજા બહારની વાત છે. વળતો જવાબ આપતાં યોગીરાજ બોલ્યા : હે જગડૂ ! તારે એ માટે સહેજ પણ ચિંતા કરવાની જરૂર નથી. ટૂંક સમયમાં જ તારો ભાગ્યોદય થવાનો છે. આ વિષયમાં તારે સંદેહ ન રાખવો. તારા ભૂતકાળના બાંધેલાં પુણ્યનો ઉદયકાળ દૂર નથી, તદ્દન નજીક છે.

તું રોજ જે શિલા પર બેસી સવારે દાંતણ કરે છે, તે શિલા વાસ્તવિક પોલી છે. કોઈને ખબર ન પડે તે રીતે સાંધેલી છે. તેમાં અખૂટ ધન છે !તેનાથી જગતનો ઉદ્ધાર કરવાનું સામર્થ્ય તારામાં પ્રગટ થશે. એ ધન,રૂપિયા-પૈસામાં નથી.સોના ચાંદીરૂપે નથી. હીરા-માણેકના સ્વરૂપમાં નથી. તેમાં પાંચ નંગ સ્પર્શપાષાણનાં છે. તેનો પ્રભાવ એવો છે કે લોખંડનો સ્પર્શ આ પાષાણ સાથે થતાં જ તે તમામ લોખંડ સુવર્ણમાં બદલાઈ જાય છે!..આટલું બોલી યોગીરાજ મૌન રહ્યા.રાજી થયેલા જગડૂશા તે યોગીરાજનો વિશેષ સત્કાર કરવાની ભાવનાથી,ઉત્તમ વસ્ત્રાદિ લેવા ઘરમાં ગયા.વસ્ત્રાદિ લઈને આવે તે પૂર્વે જ મહાયોગીરાજ અદશ્ય થઈ ગયા! ઘણી તપાસ કરવા છતાં યોગીરાજની ભાળ ન મળી !

જગડૂશાએ વિચાર્યું : ચોક્કસ આ કોઈ યોગીરાજ ન હતા, પરંતુ મારા પૂર્વભવના કોઈ મિત્ર દેવ જ હતા. મારા પુણ્યોદયથી ખેંચાઈને, મારા શુભભવિષ્યની જાણકારી આપવા યોગીરાજના સ્વરૂપમાં આવ્યા હશે. આ વાત સાચી જ પડશે, મારા પ્રબળ પુણ્યોદયે જગતમાં યશ-કીર્તિ ફેલાશે.આટલો વિચાર કરી જગડૂશાએ તે શિલા તપાસી.યોગીરાજના કહ્યા મુજબ સ્પર્શપાષાણના પાંચ ટુકડા એ શિલામાંથી પ્રાપ્ત થયા. જગડૂશાને સ્પર્શપાષાણના પ્રભાવની ખબર હતી. આ સ્પર્શ-પાષાણ મળતાં ગુરુમહારાજની ભવિષ્યવાણી પર વિશેષ શ્રદ્ધા પ્રગટ થઈ. જગદુદ્ધારક તરીકે પોતે બનશે, તેની ખાતરી થઈ ગઈ!

નિઃસ્પૃહી અને સત્યવ્રતી ગુરુભગવંતોની વાણીમાં અસત્યના અંશની ગંધ પણ ક્યાંથી હોય? અહિંસા-સત્ય-અચૌર્ય-બ્રહ્મચર્ય-અપરિગ્રહ મહાવ્રતના તેઓ અઠંગ ઉપાસક હોય છે. જૈનાચાર્યની હોડમાં જગતની કઈ હસ્તી ઊતરી શકે ? જગતની કોઈ વ્યક્તિ તેમને પડકારી ન જ શકે, તે સ્વાભાવિક છે. પતંજલિ મહર્ષિ પાતંજલ યોગ દર્શનમાં જણાવે છે કે - સત્યધર્મની જ્યારે આત્મામાં પ્રતિષ્ઠા થાય છે ત્યારે તેમના વચનમાં એવું બળ પેદા થાય છે કે એ જે બોલે તે સાચું પડે અર્થાત્ વચન સિદ્ધિ પ્રાપ્ત થાય છે.

**(ક્રમશઃ) ધ**



## ★ વાંચનનું તારણ ★★★

**-સંકલન**

(રોજ દૈનિક પેપરોમાં કાંઈક ને કાંઈક સમાચાર ચમકતા હોય છે. કેટલાક શોધ-સંશોધનના રૂપમાં હોય છે, તો કેટલાક સમાચાર ગણિતના વિષય પર હોય છે. કેટલાક શેખચલ્લીના વિચારો જેવા હોય છે. તો કેટલાક ભવિષ્યમાં મેળવવાની સિદ્ધિઓ માટે હોય છે.હા, માનવોના દરેક વિચારો સફળ થાય એવું ક્યારેય બનતું જ નથી..પરંતુ તેના ખ્વાબ તો આકાશને આંબતા હોય છે.

'વાંચનનું તારણ''વાંચનમાંથી વીણેલું'વિભાગમાં કેટલાક ન્યુઝ પેપરનાં કટીંગ રજૂ કરવામાં આવે છે.તેમાં કેટલાક શ્રદ્ધામાં વધારો કરાવનારાં, કેટલાક જિનશાસન-જિનાગમ-જૈનશાસ્ત્રોને સમર્થન આપનારાં હોય છે. કેટલાંક એવાં કટીંગ હોય છે કે જેની હકીકત જ્ઞાની ભગવંતોએ સેંકડો-હજારો વર્ષો પૂર્વે લખેલી હોય છે, તેની સાબિતી માટે આજના વિજ્ઞાનીઓને લાખો-કરોડોના ખર્ચા કરવા પડે છે,વર્ષોનો સમય વીતાવવો પડે છે..છતાંય એ વાત આવતી કાલે ખોટી પણ સાબિત થવાની દહેશત તેમને કોરી ખાય છે. વિજ્ઞાનનાં સંશોધનો ક્યારેય આખરી હોતાં નથી.

કેવલજ્ઞાનીની હકીકતોને આજ સુધી કોઈએ પડકારી નથી.ખોટી પુરવાર કરી નથી. ક્યારેય કરી શકશે નહીં.

શાસ્ત્રોમાં છ કલાકની ઊંઘને જરૂરી ગણાવી છે. એ જ વાતને પુરવાર કરવા માટે આજકાલના સંશોધકોને ૮-૮ વર્ષ લાગ્યા. ૧૬૦૦ યુવાનો પર એ માટે અખતરા થયા. ૮વર્ષના સંશોધનની જાહેરાત પણ લગભગ ૨૨ વર્ષે કરી.

બીજા કટીંગમાં જમીન પર બેસીને ભોજન લેવાની પ્રાચીન પ્રથાની વાત છે. એમાં સંસ્કાર-સંસ્કૃતિ અને સભ્યતા પણ છે.શારીરિક આરોગ્ય વગેરેનો પણ લાભ છે જ. માનવજીવન સભ્ય જીવન છે,એમાં સભ્યતાની સાથે ધાર્મિકતા પણ જોડાયેલી છે.

આ લખાણોને હંમેશા વાચકોએ વિવેકપૂર્વક વાંચવા.કારણ,લખાણના તમામ ભાગો - વાક્યો સાથે અમે સંમત નથી. જરૂરી ભાગનો સ્વીકાર કરી આગળ વધી શકાય.

**-સંપાદક**

**रिसर्च स्टोरी एंड एक्सपर्ट कमेंट - छह घंटे की नींद जरुरी**

रोजाना ६ घंटे से कम सोने से युवाओं में ब्लड प्रेशर, टाइप टू डायबिटीज और स्ट्रोक के साथ कैंसर का भी खतरा रहता है। अमरीकन हार्ट एसोसिएशन में प्रकाशित एक लेख में कहा गया है कि १६०० युवाओं पर कम नींद को लेकर एक शोध किया गया। इसमें ५१२ लोगों की मृत्यु हो गई। इनमें एक तिहाई लोगों की मृत्यु हार्ट डिजीज और स्ट्रोक के कारण हुई, जबकि करीब एक चौथाई लोगों की मौत विभिन्न प्रकार के कैंसर के कारण हुई थी। यह शोध १९९१-१९९८ के बीच हुआ और इसका परिणाम हाल ही तैयार किया गया है।

**एक्सपर्ट कमेंट** : पर्याप्त नींद न लेने या नाइट शिफ्ट करने वाले लोगों की बायोलोजिक क्लोक बिगड़ जाती है। इससे शरीर के सभी अंगों पर असर पड़ता है। इससे शरीर को सुरक्षा देने वाला हार्मोन मेलाटोनिन कम हो जाता है। इससे कैंसर होने की आशंका बढ़ जाती है। ब्रेस्ट, कोलन आदि कैंसर का खतरा बढ़ जाता है।

- राजस्थानपत्रिका, बेंग्लोर. ता.१३-१०-२०१९

**परिवार के साथ जमीन पर बैठकर भोजन, योग-व्यायाम का भी तरीका है।**

**आहार संस्कार** : करीब ३०-४० वर्ष पहले तक लोग जमीन पर बैठकर परिवार संग या पंगत में बैठकर खाना पसंद करते थे। ऐसा चलन अधिकतर घरों में था। भारतीय परंपरानुसार जब हम जमीन पर बैठकर भोजन करते हैं तो वह तरीका सुखासन या पद्मासन जैसा ही होता है। यह आसन हमारे स्वास्थ्य दृष्टि से बहुत लाभप्रद है। जानते हैं परिवार संग जमीन पर बैठकर खाने के फायदों के बारे में- **पेट की पोजिशन ओवर ईटिंग से बचाती है** बैठकर खाने से थाली की तरफ झुकना पड़ता है। इससे पेट की मांसपेशियों में खिंचाव होता है। पाचन सिस्टम एक्टिव रहता है। शरीर का यह हिस्सा भी मजबूत होता है। खाते हुए झुकने से ओवर ईटिंग नहीं हो पाती है। ऐसी परंपरा में परिवार के साथ ऋतु चक्र के अनुरूप व पोषक तत्त्वों से भरपूर भोजन ही लिया जाता है। परिवार संग भोजन सुकून भी देता है। चबाकर खाने की आदत के साथ पाचन रस भी स्रावित होते हैं। **एक तरह की एक्सरसाइज भी** जमीन पर बैठने से रीढ़ की हड्डी के निचले भाग पर जोर पड़ता है। शरीर को आराम मिलता है। सांस सामान्य रहती है। मांसपेशियों का खिंचाव कम होता है। पेट, पीठ के निचले हिस्से और कूल्हे की मांसपेशियों में लगातार खिंचाव रहता है जिसकी



वजह से दर्द और असहजता से छुटकारा मिलता है। इसमें खाने के साथ व्यायाम भी होता है। **३०-३२ बार चबाकर आहार को खाना चाहिए । स्वाद बढ़ता और पाचन सही रहता है । ३/४ हिस्सा ही खाना चाहिए । भूख का एक चौथाई भाग खाली छोड़ना चाहिए, सुपाच्य रहेगा । परिवार से निकटता बढ़ती है** एक साथ बैठकर खाने से परिवार में एक दूसरे की निकटता बढ़ती है । लोग एक दूसरे को अच्छे से समझते और मदद करते हैं । पद्मासन में बैठकर खाने से मानसिक तनाव दूर होता है । एक साथ बैठकर खाते हैं तो आप परिवार को समय भी देते है । आजकल लोगों को ब्लड प्रेशर की समस्या कम उम्र में होने लगी है । जमीन पर बैंठकर खाने से ब्लड सर्कुलेशन भी सामान्य रहता है । जहां बैठकर खाते है वहां जूते - चप्पल नहीं ले जाते थे. घर बैक्टीरिया फ्री होता, बीमारियों की आशंका घटती है । घुटने - नाड़ी स्वस्थ रहते । आलथी - पालथी लगाकर बैठने से नाड़िया पर दबाव कम होता हैं जिससे ब्लड सप्लाई अच्छी होती है । भोजन पचाने के लिए पेट को भरपूर ब्लड की सप्लाई मिलती है । इससे हार्ट को कम मेहनत करनी पड़ती है । इसमें घुटनों को मोड़कर बैंठना होता है । नियमित करने से घुटनों में लचीलापन आता है । जोड़ो की समस्या नहीं होती है । घुटने स्वस्थ रहते है ।

## ★ પુનર્જન્મ ★★★

**- સંકલન**

**૩॥ વર્ષના જગદીશચંદ્રનું પ્રત્યક્ષ પ્રમાણ !**

કુંવર કેકઈનંદન સહાય BA. L.L.B. જેઓ બરેલીના વકીલ છે, તેમનો પુત્ર ૩॥ વર્ષનો જગદીશચંદ્ર કહેતો હતો કે, ‘પૂર્વજન્મના મારા પિતાનું નામ બાબુઆ પાંડે હતું. તેઓ બનારસમાં રહેતા હતા. તે મકાનમાં એક મુખ્ય દરવાજો હતો. નીચેના ભાગમાં દિવાલની સાથે લોઢાની તીજોરી હતી. બાબુઆજી સાંજે કેટલાક માણસોની સાથે ભાંગ પીતા હતા. બાબુઆજી સ્નાન કરતાં પહેલાં શરીર પર માટી ચોડતા. બે પુત્રો અને એક સ્ત્રી હતી, તેઓ ગુજરી ગયા હતા. મારી માને હું ‘ચાચી’ કહેતો. જ્યારે કોઈ પુરુષ ઘરમાં આવે ત્યારે મારી મા લાંબો ઘુમટો ખેંચતી વગેરે વગેરે........

તપાસ માટે જગદીશને તેના પિતા બનારસ લઈ ગયા હતા અને ત્યાં જિલ્લાના વડા અમલદાર, પોલીસ અમલદાર અને બીજી અનેક પ્રતિષ્ઠિત વ્યક્તિઓની

હાજરીમાં જગદીશે પોતાનું ગત જન્મનું મકાન અને ગત જન્મની બનારસની બીજી પણ કેટલીક સત્ય હકીકતો સંભળાવી હતી. (લીડર ૨૭ જૂન ૧૯૬૨)

૨. બરેલીના એક વતની વિશ્વનાથના બાળકની પણ પૂર્વજન્મને લગતી આવી જ કેટલીક હકીકત પ્રસિદ્ધ થયેલી છે. તેનો પૂર્વજન્મ પિલભીતમાં થયો હતો. તેણે પૂર્વજન્મને લગતી કેટલીક માહિતી રજૂ કરી હતી. અને તેની તપાસ અનેક પ્રતિષ્ઠિત માણસોએ કરી હતી. (લીડર ૧૨ અને ૩૦ ઓગસ્ટ ૧૯૬૨)

૩. બરેલીમાં જન્મેલી હીરાકુંવર કે જે પૂર્વજન્મમાં મથુરા જિલ્લાના ગોલક ગામમાં હતી, તેની પણ તેણે જણાવેલી પૂર્વજન્મની હકીકત તપાસવામાં આવી હતી. તપાસને અંતે સત્ય પુરવાર થઈ હતી.

૪. સીતાપુર જિલ્લાના હિરપુર ગામમાં રહેનાર સુંદરલાલના પૂર્વજન્મના વૃત્તાન્તની પણ તપાસ થયેલી છે, તે સત્ય સાબીત થઈ છે.

૫. મીરજાપુરના બ્રજચન્દ્રશરણની પણ પૂર્વજન્મની ઘટનાની તપાસ થયેલી છે, અને તે સાચી સાબીત થયેલી.

૬. બરેલીના બજરંગ બહાદુરે તેના પૂર્વજન્મની હકીકત બતાવેલી છે. તપાસતાં સાચી પડી છે. (કેકઈનન્દન સહાયનું પેમ્ફલેટ. પેજ ૧૫-૨૧)

૭. ફરદીપુર (બંગાલ) માં એક હોટેલના માલીકનો છોકરો છે. તેનું નામ સુંદર છે. આ સુંદરે જણાવ્યું હતું કે પોતે ગતજન્મમાં શેખ નુરૂદીનહતો અને ઘણો ધનવાન હતો. એ શેખને મૃત્યુ પામે ૧૭ વર્ષ થયા. મેલેરીઆથી મૃત્યુ પામ્યા. ગત જન્મમાં મોટી સંપત્તિ જમીનમાં દાટી હતી, તે બતાવી હતી.

સુંદરના માતપિતા સુંદરને શેખને ગામ લઈ ગયા. તે પહેલી જ વાર એ ગામમાં આવ્યો પરંતુ આવતાંની સાથે જ, શેખ કુટુંબના માણસોને તેણે ઓળખી લીધાં. તેમનાં નામ જણાવીને, તેની સાથે વાતચીત કરી. શેખના ઘરમાં જતાં જ, તેણે દોટેલી સંપત્તિ બતાવી. તેણે કહ્યું કે, મરતી વખતે તેનાથી સંપત્તિ બીબીને બતાવી શકાઈ ન હતી. તેણે ૫૫ વર્ષની બીબી અને છોકરાંઓને ઓળખી કાઢ્યાં અને તેમની સાથે વાતચીત કરી. સુંદર આ જન્મમાં એક અક્ષર પણ અરબ ભણ્યો નથી. પરંતુ કુરાન તેની જીભ પર છે. (સાર્વદિશિક, ડિસેમ્બર ૧૯૩૬)

**ચાર વર્ષની શાંતાદેવી.** પૂર્વજન્મનું આ પ્રત્યક્ષ પ્રમાણ એટલું અદ્‌ભુત છે કે સાંભળ્યા પછી રોમાંચ થશે. પૂર્વજન્મ અને પુનર્જન્મ વિષેની શંકા કોઈને પણ જરા જેટલી પણ નહીં રહે. એનો ઈતિહાસ દિલ્હીના જાણીતા પંદર માણસોની પૂરતી



તપાસને અંતે, લાલા દેશબંધુ મેનેજિંગ ડિરેકટર તેજ પંડિત નેકીરામજી શર્મા, બાબુ તારાચંદજી વકીલ ત્રણની કમિટીએ પ્રસિદ્ધ કરેલ છે. દિલ્હીના રંગલાલ માથુરની પુત્રી શાંતાદેવી કે, જેણે પોતાના પૂર્વજન્મનો ઈતિહાસ જણાવી અનેક હૃદયોને આશ્ચર્યમુગ્ધ બનાવી દીધાં છે.

શાંતાદેવી ૪ વર્ષ સુધી લગભગ મૂંગી હતી. પછી બોલવા લાગી. જે બોલતી, તેમાં પૂર્વજન્મની ઘટનાઓ કહેવા લાગી. 'આવી મીઠાઈ કપડાં, મથુરામાં ખાતી અને કપડાં પહેરતી હતી. હું ચોબણ છું. મારા પતિ એક બજાજ છે, પૂર્વજન્મના વિષે કેટલીક ખરી વાત કહેલી. માતા પિતાએ ધ્યાન આપ્યું નહિ. મથુરા જવાની ઈચ્છા બતાવતી.

**(ક્રમશઃ)** ધ

## ★ અનુમોદનાનો અમૃતથાળ ★★★

**- સંકલન**

**બેંગલોર :** બસવેશ્વરનગર - રાજાજીનગર ઈન્ડસ્ટ્રીયલ ટાઉન-વિમલનાથ જિનાલય-હાલારી જૈનસંઘમાં પૂજ્યપાદ આગમ-શિલ્પ-વિધિવિધાનવિશારદ આ.ભ.શ્રીમદ્ વિજયભવ્યદર્શનસૂરીશ્વરજી મહારાજા આદિ ઠા.૨ તથા પૂ.સા.શ્રી ભદ્રિકાશ્રીજી મ.આદિ ઠા.૪ બિરાજમાન છે. પૂજ્ય આચાર્યભગવંતનાં પ્રવચનો નિયમિત ચાલું છે. અકસ્માતવાળાં સાધ્વીજીશ્રી પદ્મનંદિતાશ્રીજી મ.ને સુધારો છે.લગભગ પાંચમી માર્ચ પછી ચાલવાની છૂટ આપશે.

**વિમલનાથ જન્મ-દીક્ષા કલ્યાણક :** મહાસુ.૩ ના પ્રભુનું જન્મ કલ્યાણક અને મહાસુ.૪ ના દીક્ષા કલ્યાણક આવ્યું. તે માટે પૂજ્યશ્રીએ 'કલ્યાણકની જેમ કલ્યાણક તિથિ પણ આરાધ્ય છે' એમ પંચાશક ગ્રંથમાં શ્રીહરિભદ્રસૂરીશ્વરજી મહારાજે જણાવ્યું છે; એ વાત કરતાં સુ.૩ ના દિવસે શક્રસ્તવના માધ્યમથી અભિષેક નક્કી થયા.સુ.૪ના સમૂહસ્નાત્ર ભણાવવાનું નિશ્ચિત થયું.

બંને દિવસ જિનાલયનો ભવ્ય શણગાર કરાયો. ભવ્ય અંગરચના કરવામાં આવી. પ્રથમ દિવસનો સંપૂર્ણ લાભ; શાહ જિતેન્દ્રભાઈ ચોથાલાલ (ગુરુજી) પરિવાર હ. વૃત્તિકાબેન હર્ષીલભાઈ એ લીધો હતો. સર્વૌષધિ - રક્તચંદન - અષ્ટગંધ - કેસૂડાનાં ફૂલ - કેસર આદિ ઉત્તમ દ્રવ્યોનો ઉપયોગ અભિષેકમાં કરાયો હતો. પાંચવાર શક્રસ્તવનો પાઠ બોલવા પૂર્વક અખંડધારાથી અભિષેક કરવામાં આવ્યા હતા. નગરથપેટથી કેટલાક યુવાનો સામગ્રી તૈયાર કરવા માટે તથા સંગીત વગાડવા માટે ભક્તિથી આવ્યા હતા ! પાંચે વાર શક્રસ્તવનો પાઠ પૂ.આચાર્યભગવંતે

જ કર્યો હતો.

બીજા દિવસે સમૂહસ્નાત્રના લાભાર્થી દિનેશભાઈ કાળીદાસ નગરિયા તથા વૈશાલી રાહુલભાઈ શાહ હતા. સંગીત સાથે સ્નાત્ર ભણાવાયું. તે પણ મૂળનાયક શ્રી વિમલનાથ દાદાનું જ સ્નાત્ર ભણાવાયું હતું. બંને દિવસ ભાવિકોની હાજરી સારી હતી. પ્રભાવનાદિ પણ થયેલ.

મહા સુ.૯ તા.૨૧-૨-૨૦૨૧ એક દિવસનો પ્રોગ્રામ કુશલરાજ - આનંદમંગલ માટેર્સવાળાની ૨૫ મી લગ્નતિથિ નિમિત્તે સિદ્ધચક્ર પૂજન-પ્રવચન - સાધર્મિક ભક્તિનું આયોજન હોવાથી આગ્રહ થતાં પૂજ્યશ્રી વી.વી.પુરમ્ પધાર્યા. ત્યાં પ્રવચન થયું. માત્ર હિંસા નામના પાપનો પૂજ્યશ્રીએ દૃષ્ટાંત સાથે પ્રકાશ પાથર્યો. સભા મંત્રમુગ્ધ થવા સાથે પાપથી ધ્રુજી ઊઠી !

બેંગલોરના વિવિધ સંઘોની - ભાવિકોની વિનંતિ હોવાથી મહા સુ.૧૪ ના દિવસે બસવંત ગુડી - વિમલનાથ જિનાલય જવાનો નિર્ણય થયો. સંઘવી હવેલીમાં સ્થિરતા થઈ. ત્યાં પાંચ દિવસ પ્રવચનો થયાં. માહોલ સારો બન્યો હતો. પ્રવચનમાં શેષકાળ હોવા છતાં સંખ્યા નોંધપાત્ર આવતી હતી. આજુ-બાજુનાં ઘણાં ક્ષેત્રોમાંથી પણ ભાવિકો આવતા હતા. મહા વ.૨+૩ પૂ.આ.ભ. શ્રીમદ્ વિજય ભવ્યદર્શન સૂરીશ્વરજી મહારાજાના આચાર્યપદના અગિયારમાં વર્ષમા મંગલ પ્રસંગે લાડુની પ્રભાવના રખાઈ હતી. રોજ સંઘપૂજનો ચાલું જ હતાં. વધુ રોકાણ માટે અને ફરી ફરી પધારવા માટે ટ્રસ્ટીઓએ વિનંતિ કરી.

ગુરુભક્ત પરિવાર અને કલ્યાણમિત્ર પરિવારની ભાવના-વિનંતિથી વાચનાશ્રેણીના આયોજનની વાત આવી. તે માટે વી.વી.પુરમ્ - સંભવનાથ જિનાલય (જ્યાં શ્રીઆદિનાથ જૈનસંઘ -ચીકપેટનો જ વહીવટ છે) પરિસરમાં શ્રી સંઘના ઉપક્રમે પંચ દિવસીય વાચનાનું આયોજન ગોઠવાયું. તેથી મહા વ.૫ થી પૂજ્યશ્રી સંભવનાથ જિનાલય, વી.વી.પુરમ્ ઉપાશ્રયમાં પધાર્યા. તા.૩ અને ૪ બુધ-ગુરુ સવારે ૯-૩૦ થી ૧૦-૩૦ પ્રવચનો થયાં. સંઘપૂજનો થયાં. તા.૫ માર્ચથી ૯ માર્ચ, મહા વ.૭ થી ૧૧ પાંચ દિવસ વાંચના - શ્રેણિનું આયોજન હોવાથી સવારે ૭ થી ૯ નો સમય ગોઠવાયો. બેસાડીને જ સાધર્મિક ભક્તિનું આયોજન હોવાથી અને જગ્યા નાની હોવાથી વ્યવસ્થાના ભાગરૂપે બહેનોને ૮-૩૦ કલાકે નવકારશી કરાવવી, એ સમયે પુરુષો માટે પ્રવચન ચાલું રાખવું.. એવું નક્કી થયું.



પરંતુ પ્રવચનોના રસના કારણે ખાસ કોઈ બહેનો ઊઠવા તૈયાર ન હતાં. બધાને ૯ પછી વ્યાખ્યાન પૂરું કરીને જ જવાની ભાવના હતી. ક્યારેક પ્રશ્નોત્તરીના કે તેવા વિષયના કારણે ૯.૧૫ / ૯-૨૦ થઈ જતી પરંતુ કોઈ ઊઠતું નહોતું. પ્રવચન હોલ આખો ચિક્કાર થઈ જતો !

રાજાજીનગર - જયનગર - બસવંતગુડી - બસવેશ્વરનગર - ચામરાજપેટ - ત્યાગરાજનગર - નગરથપેટ વગેરે દૂર - દૂરના રહીશો પણ વાચનામાં પધારતા હતા. વાચનાનો વિષય હતોઃ 'પ્રભુને દિયા ઉપહાર, હમને કિયા ઈન્કાર' ભગવાને ઉપહારૂપે કેટ-કેટલી ચીજો આપી ? એની સિલસિલાબંધ વિગત પૂજ્યશ્રીએ રજૂ કરી. સાથે એ ચીજોનો ઈન્કાર કરવાથી - સદુપયોગ ન કરવાથી જીવના કેવા હાલ થયા તેની રજૂઆત હલાવી દેનારી હતી. પૂજ્યશ્રીની સમજાવવાની શૈલી તદ્દન સરળ છે. તત્ત્વ પીરસવાની શૈલી લાક્ષણિક છે. તાત્ત્વિક પ્રવચન હોવા છતાં કોઈને ન કંટાળો આવે કે ન કોઈને ઊંઘ - ઝોકાં આવે ! અવાજ પણ સ્પષ્ટ અને બુલંદ હોવાથી બધાને - દૂર બેઠેલાને પણ આરામથી સંભળાય છે. વાચનાના લાભને શબ્દોમાં વર્ણવવા માટેનું કાર્ય દુષ્કર છે.

પાંચ - પાંચ દિવસ; રોજ બે - બે કલાકથી વધારે પીરસવા છતાં વિષયો પૂરા ન થયા, તેથી વાચના આગળ વધારવાનો આગ્રહ પણ થયો. વાંચનાબાદ રોજ સાધર્મિકભક્તિ કરવામાં આવતી. કોઈ પણ જાતની અવ્યવસ્થા કર્યાવગર સુંદર રીતે ભક્તિ કરાઈ. બધાએ સ્વયંશિસ્ત પાળી હતી.

પાંચ દિવસનાં પ્રવચનોએ બેંગલોરની હવા બદલીનાંખી ! ચારે બાજુ એનો સ્વયં પ્રચાર - પ્રસાર થયો. જેના પ્રભાવે જયનગર - અક્કીપેટ, સીમંધર - શાંતિ સંઘ વી.વી.પુરમ્, નગરથપેટ વગેરે ઘણાં સંઘોમાંથી પધારવા માટે વિનંતિ આવવા લાગી, બેંગલોરમાં જ ચોમાસું કરવાની વિનંતિઓ આવવા લાગી...! કેટલાક ભાગ્યશાળીઓએ તો બસનેશ્વરનગરના ટ્રસ્ટીઓને ઠપકો આપતાં કહ્યું કે - આવા રત્ન-હીરા જેવા આચાર્યભગવંતને તમે કેમ છુપાવી રાખ્યા હતા ? અમને તો પૂજ્યશ્રીનો પરિચય જ થયો નથી. શાસ્ત્રોનું માખણ કાઢીને પીરસનાર આચાર્યભગવંતનો અમારે પણ લાભ લેવો છે. આવાં પ્રવચનો સંભળાવવાવાળા આજે ખૂબ જ ઓછા વક્તા છે. પૂજ્યશ્રી તા.૧૦ મહા વ.૧૨ ના બુધવારે પરત બસવેશ્વર પધારી ગયા છે. આગામી કાર્યક્રમ હવે નક્કી થશે. ધ

## બધું જ એકલ પંડે...

**इक्को कम्माइं समं, जणेइ भुंजइ फलं पि तस्सिक्को।**

**इक्कस्स जम्ममरणे, परभवगमणं च इक्कस्स ।।**

આત્મા એકલો જ કર્મ બાંધે છે, એકલો જ એનાં ફળ ભોગવે છે. જન્મ -મરણ પોતે એકલો જ કરે છે. પરલોકમાં પણ એકલો જ જાય છે.